
# ગુજરાત દીપોત્સવી અંકમાં નગરના ૩૭ સર્જકોની રસપ્રદ કૃતિઓને સ્થાન

## શબ્દોના માધ્યમથી અંતરનો ઉજાસ પાથરતી કૃતિઓમાં નગરનું સાહિત્ય જગત મોખરે : ગૌરવની લાગણી

ગાંધીનગર, તા.૯

ગુજરાત રાજય માહિતી કમિશનરની કચેરી દ્વારા તૈયાર કરાયેલા દીપોત્સવી અંક ૨૦૧૪નું આજે મુખ્યમંત્રી આનંદીબેન પટેલે વિમોચન કર્યું હતું.




સંસ્કારપ્રિય અને સાહિત્યપ્રિય નાગરિકોમાં ભાતીગળ 'ગુજરાત દીપોત્સવી' અંક ખમીરવંતી પ્રજાનું પ્રતિબિંબ રજુ કરે છે. આ અંકમાં અભ્યાસલેખો, નિબંધો, ચિંતનલેખો, વાર્તાઓ, લઘુકથાઓ, નાટક અને કવિતાઓ સહિત વિવિધ ૧૮૭ જેટલી કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જયારે ગાંધીનગરના પણ ૩૭ સાહિત્યકારો અને કવિઓની વૈવિધ્યસભર કૃતિઓને સ્થાન આપવામાં આવ્યું છે જે ગાંધીનગર માટે પણ એક ગૌરવની વાત છે.

દીવડાઓના દિવ્ય પ્રકાશથી અંધકાર ઉલેચવાનું ઉજળુ પર્વ એટલે દિવાળી. શબ્દોના માધ્યમથી અંતરનો ઉજાસ પાથરવાની ઉમદા ભાવના સાથે ગુજરાત દીપોત્સવી અંક ૨૦૧૪નું આજે મુખ્યમંત્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. માહિતી વિભાગ દ્વારા તૈયાર કરાયેલા આ અંકના સંપાદક તરીકે અરવિંદ પટેલ તેમજ પુલક ત્રિવેદીએ કાર્યભાર સંભાળ્યો હતો. દીપોત્સવી અંકમાં અભ્યાસલેખ, નવલિકા, વિનોદિકા, નાટિકા તેમજ કાવ્યસંપુટ સહિત વિવિધ ૧૮૭ જેટલી કૃતિઓ પ્રકાશિત કરવામાં આવી છે. ગુજરાતના સુપ્રસિધ્ધ સાહીત્યકારો, પ્રબુદ્ધ સર્જકો અને અભ્યાસુઓએ દિવાળી ટાણે શબ્દોના માધ્યમથી સાહિત્ય જગતમાં લેખિનીનો પ્રકાશ પાથર્યો છે. દીપોત્સવી અંકમાં પ્રકાશિત વૈવિધ્યભર કૃતિઓ પૈકી ૪૦ ટકા કૃતિઓ ગાંધીનગરના લેખકો, કવિઓ અને સાહિત્યકારોએ રજુ કરી છે. નગરના ૩૭ લેખકોની કૃતિઓને આ અંકમાં સ્થાન આપવામાં આવ્યું છે. ગાંધીનગર માટે પણ આ ગૌરવની વાત બની છે. નગરના આ સાહિત્યકારો અને પ્રબુદ્ધ સર્જકોમાં જાણીતા લેખક દોલત ભટ્ટ, ભાગ્યેશ જહા, કેશુભાઈ દેસાઈ, રાઘવજી માધડ, નટુભાઈ પરમાર, જગદીશ આચાર્ય, ડૉ. અશોક નારાયણ, શિવશંકર દવે, વી.એસ. ગઢવી, ભી.ન. વણકર, અલતાફ પટેલ, ડૉ. મનિષ ચૌહાણ, કલ્પના જિતેન્દ્ર, કુંતલ નિમાવત, જગદીશચંદ્ર ઠકકર, ભર્ગદેવ ભટ્ટ, કૃષ્ણ પંડિત, પ્રકાશ લાલા, ભાનુપ્રસાદ ત્રિવેદી, હર્ષદ ત્રિવેદી, ફિલિપ કલાર્ક, દિનેશ દેસાઈ, અનંત પટેલ, હરિકૃષ્ણ પાઠક, ચંદ્રાબેન શ્રીમાળી, પ્રજ્ઞા પટેલ, કિશોર જીકાદરા, દલપત પઢિયાર, ભરત કવિ, ભાનુપ્રસાદ પુરાણી, ડૉ. પ્રદીપ આઝાદ, પ્રવીણ ગઢવી, ડૉ. કનૈયાલાલ ભટ્ટ, નટવર હેડાઉ, ધર્માભાઈ શ્રીમાળી, રમેશ ઠકકર, સંજય થોરાત સહીતના કૃતિ સર્જકોને સ્થાન મળ્યું છે.

# ગુજરાત દિપોત્સવી અંકનું લોકાર્પણ

## રાજ્યના સંસ્કારમાં સાહિત્યની પણ મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે : રાજ્યની પ્રાચીન-ભવ્ય સાંસ્કૃતિક વિરાસતનું જતન કરવા અમારી જવાબદારી છે : આનંદીબેન પટેલ

ગાંધીનગર, તા. ૯

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જણાવ્યું છે કે, ગુજરાતની ભવ્ય સાંસ્કૃતિક વિરાસતનું જનત અને સંવર્ધન કરવાની આપણા સૌની સહીયારી જવાબદારી છે. ગરવા ગુજરાતની ગરીમાપૂર્ણ સંસ્કૃતિ ગુજરાતનું ખમીર અને ઝમીર પ્રતિબિંબ કરતાં ગુજરાત દીપોત્સવી-૨૦૧૪નો ગુજરાતના પ્રસિદ્ધ સાહિત્યકારો, પ્રબુદ્ધ સર્જકો અભ્યાસુઓએ તેમની કલમથી શબ્દ સુવાસ અર્પી છે. તેમણે કહ્યું કે સાહિત્ય વારસાની સાથોસાથ પૂ. બાપુને પ્રિય



અને સંસ્કારનું સંવર્ધન કરવા માટે પાયાની ભૂમિકા સાહિત્ય અને શબ્દો ભજવે છે એમ તેમણે ઉમેર્યું હતું.

માહિતી ખાતા દ્વારા તૈયાર કરાયેલા ગુજરાત દિપોત્સવી-૨૦૭૦ અંકનું આજે મુખ્યમંત્રી આનંદીબેન પટેલે લોકાર્પણ કરતી વેળા વધુમાં જણાવ્યું હતું કે, દિવાળી એટલે પ્રકાશનું પર્વ આપણી ભીતર પડેલા અજ્ઞાનરૂપી અંધકારને ઉલેચી ઉજળા થવા માટેના પર્વ દીપાવલીને આપણે આપણા અને ગુજરાતના વિકાસ પર્વ તરીકે મનાવીએ. તેમણે કહ્યું કે, એવા સ્વચ્છતાના પદાર્થપાઠને પણ આપણે સૌએ સભાનતાપૂર્વક અમલમાં મુકાને એક ઝુંબેશ ઉપાડવી જોઈએ. લોકલાડીલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા અમલમાં મુકાયેલા સ્વચ્છતા અભિયાનને સામાજિક ચેતના સ્વરૂપે પરિણામલક્ષી જનઆંદોલન બનાવવા માટે ગુજરાત રાજ્ય કૃતનિશ્ચયી છે, એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. માહિતી પ્રસારણ વિભાગના અગ્રસચિવ જીસી મુર્મુએ કહ્યું કે, ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રીની નેતૃત્વ હેઠળ ગુજરાતની વણથંભી વિકાસયાત્રામાં ગતિશીલતા આવી છે. સાહિત્ય સૌરભ સાથે ગુજરાત દીપોત્સવી-૨૦૭૦ માહિતી ખાતાની આગવી પરંપરા અનુસાર વાચકોની વાંચન ક્ષુભ્માને તૃપ્ત કરશે એમ તેમણે ઉમેર્યું હતું.

માહિતી કમિશ્નર ભાગ્યેશ જહાએ ગુજરાત દીપોત્સવી-૨૦૭૦ અંગે વિગતો આપતા જણાવ્યું તું કે, ૩૨ અભ્યાસ લેક, ૩૫ નવલિકા, ૨૦ વિનોદિકા, પાંચ નાટિકા અને ૯૭ કવિતાઓની મૌલિક રચનાઓથી દીપોત્સવી અંક વિશાળ સાહિત્યિક વાંચન મહાસાગરનો વાંચકોને લાભ મળશે. કલા, સંસ્કૃતિ, સાહિત્ય, ઈતિહાસ સાથે આપણા સંસ્કાર વારસાનું પ્રતિબિંબ શબ્દો સાથે પ્રસ્તુત કરવાનો માહિતી ખાતાનો આ પ્રયાસ છે, એમ તેમણે ઉમેર્યું હતું.




આરતી - શરદ પૂનમની રાત્રે રાસ-ગરબાની રમઝટ પૂર્વે માતાજીની આરતી ઉતારાઈ હતી... જલારામ ધામ ખાતે જિલ્લા પંચાયતના પ્રમુખ હિનાબેન પટેલ અને સંસ્થાના હોદ્દેદારોએ આરતી ઉતારી હતી જ્યારે ઈન્ફોસીટી ક્લબ ખાતે મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, ઈન્ફોસીટીના મેનેજીંગ ડિરેક્ટર સુવાસ બારોટ અને આગેવાનોએ આરતી ઉતારી હતી.

# નવી ફૂટપાથ પર ઘાસ ઉગશે નહી

## નવેમ્બર સુધીમાં કામ પૂર્ણ થશે : ફૂટપાથની જાળવણીનુ કામ પણ સરળ બનશે

ગાંધીનગર, તા. ૯

શહેરમાં વિવિધ માર્ગો આસપાસના ૯૬ કિ.મી. વિસ્તારમાં ફૂટપાથનું નેટવર્ક ઉભુ કરાયું છે. જ્યારે બાકી રહેતી ૨૬ કિ.મી.ની ફૂટપાથનું કામ પણ આગામી નવેમ્બર મહીના સુધીમાં પૂર્ણ કરી દેવાશે. જો કે નવી ફૂટપાથ ઉપર લીલુ ઘાસ ઉગેલુ જોવા મળશે નહી. તેમજ જાળવણીની દ્રષ્ટિએ પણ તંત્રનું કામ સરળ બનશે.

શહેરમાં છેલ્લા એક દાયકા દરમિયાન ૯૬ કી.મી.ના રોડ નેટવર્ક આસપાસ ફૂટપાથની આભા ઉભી કરવામાં આવી છે. જ્યારે ફૂટપાથ નિર્માણની બાકી કામગીરી સંદર્ભે અગાઉ તંત્ર દ્વારા સર્વે કરવામાં આવ્યો હતો. જેના અંતે બાકી રહેતા વિસ્તારમાં બે મહીના પૂર્વે તંત્ર દ્વારા ફૂટપાથનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ શહેરમાં રોડ નં. ૪ બી તેમજ ઈન્ફોસીટી તરફના માર્ગ આસપાસ ફૂટપાથનું કામ પૂર્ણ કરી દેવાયું છે. જ્યારે રોડ નં. ૧, ૭ તેમજ ખ-માર્ગ પર બાકીની કામગીરી ચાલી રહી છે. ફૂટપાથ નિર્માણના કામ પાછળ રૂ. ૪.૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જ્યારે નવેમ્બર મહીનાના અંત સુધીમાં કામ પૂર્ણ કરી દેવાશે. જ્યારે નવી ફૂટપાથમાં ચેકર ટાઈલ્સ લગાવવામાં આવી હોવાથી ફૂટપાથ પર હવે હરિયાળુ ઘાસ જોવા નહી મળે. ચેકર ટાઈલ્સ નીચે કોંક્રીટથી કામ કરવામાં આવ્યું હોવાથી ફૂટપાથની જાળવણી પણ વધશે. જ્યારે તંત્ર માટે ફૂટપાથની જાળવણીનું કામ પણ વધુ સરળ બનશે.

# ચેરમેનની કચેરીના એસી હટાવાયા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેનની કચેરીમાંથી આજે કોંગ્રેસ પક્ષે તેમના બે એસી મશીન હટાવી લીધા છે.

કારોબારી સમિતિના ચેરમેનની નવી ઓફિસમાં તે હવે ફીટ કરવામાં આવશે. કારોબારી સમિતિના ચેરમેનની કચેરી બાંધકામ સમિતિના ચેરમેનને બે દિવસ પહેલાંજ ફાળવવામાં આવી હતી તે ઉલ્લેખનીય છે.

# આઉટસોર્સિંગથી નિમાયેલા કર્મચારીઓ પાન મસાલા ગુટકા ખાઈ નહી શકે

ગાંધીનગર, તા. ૯

સરકારી કચેરીઓમાં આઉટ સોર્સીંગથી રાખવામાં આવેલા કર્મચારીઓને પાન-મસાલા ન ખાવા અને શિસ્તભર્યુ વર્તન દાખવવા માટેની કડક સૂચનાઓ આપવામાં આવી છે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તાજેતરમાં જારી કરવામાં આવેલા એક પરિપત્રમાં જણાવાયું છે કે, સચિવાલયના જુદા જુદા વિભાગોમાં વિવિધ એજન્સીઓ મારફતે આઉટ સોર્સથી ડેટા એન્ટ્રી ઓપરેટર્સ, લીફટમેન, ડ્રાઈવર, પટાવાળા તથા સફાઈ કામદારોની જગ્યાઓ ઉપર કામચલાઉ ધોરણે નિશ્ચિત સમયગાળા માટે ફરજો બજાવતા સેવકો સરકારી કામકાજના કલાકો દરમિયાન પાન-મસાલા ગુટકા ખાઈને અશિસ્ત આચરતાં હોવાનું સરકારના ધ્યાન ઉપર આવ્યું છે.

પ્રતિબંધિત ચીજવસ્તુઓ જેવી કે પાન મસાલા ગુટકાના ઉપયોગ કરવાને કારણે સેવકોના આ પ્રકારના અશોભનીય અને અણછાજતુ વર્તન કરવું વિગેરે આઉટ સોર્સથી ફરજ બજાવતા આ સેવકોના આ પ્રકારના અશોભનીય વર્તનને કારણે વિભાગોમાં ગેરશિસ્તભર્યુ વાતાવરણ પેદા થવાને લીધે સરકારી કામકાજમાં પ્રત્યક્ષ યા પરોક્ષપણે વિક્ષેપ ઉભો થાય છે. તો વળી સરકારી કામકાજ અર્થે સચિવાલયના વિભાગોમાં બહારથી આવતા મુલાકાતીઓ તથા અરજદારોમાં સરકારની નકારાત્મક છબી ઉપસાવવાનો સંભવ રહે છે.

આ બાબતોની રાજ્ય સરકારે ગંભીર નોંધ લઈને સચિવાલયના

● અનુસંધાન પાન-૭ પર

# ચ માર્ગ પર ધુમ સ્પીડે જતાં સ્પોર્ટસ બાઈક કાર વચ્ચે અકસ્માત

## એન્જીનીયરીંગના છેલ્લા વર્ષની પરીક્ષા આપવા બાઈક પર આવી રહેલા બંને વિદ્યાર્થીઓ ગંભીર : કાર અને બાઈક બંને વાહનોના ફુરચા



ગાંધીનગર, તા.૯

શહેરના ચ માર્ગ પર બેફામ ગતિએ જઈ રહેલા યામાહા એફ. ઝેડ સ્પોર્ટસ બાઈક સે-૧૧માં ટર્ન લઈ રહેલી ઝેન કાર સાથે ધડાકાભેર ટકરાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક પર પરીક્ષા આપવા જઈ રહેલા એન્જીનીયરીંગના બે વિદ્યાર્થીઓને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા હતાં. સદભાગ્યે જાનહાની થવા પામી નથી પરંતુ કાર અને બાઈક બંનેના કચ્ચરઘાણ થઈ ગયા હતાં.

શહેરના સેકટર-૨૮ નજીક આવેલી એન્જીનીયરીંગ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતાં બે વિદ્યાર્થીઓ યામાહા એફ. ઝેડ સ્પોર્ટસ બાઈક લઈને અમદાવાદથી ગાંધીનગર આવી રહ્યા હતા. પરીક્ષા આપવા ચ માર્ગ પર બેફામ ગતિએ જઈ રહેલા બંને વિદ્યાર્થીઓ અજય એસ. ચૌહાણ અને વિશાલ શાલ્વી સે-૧૧ અખબાર ભવનની સામેના વળાંક પાસે પહોંચ્યા ત્યાં ટર્ન લઈ રહેલી એક ઝેન ગાડી સાથે ધડાકાભેર બાઈક ટકરાઈ જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ઝેન ગાડી અને બાઈક બંનેના ફુરચા થઈ ગયા હતા. બાઈક પર સવાર બંને વિદ્યાર્થીઓને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા જો કે સદભાગ્યે જાનહાની થવા પામી નથી.

# ચાંદો ઉગ્યો ચોકમાં



(તસવીર : કશ્યપ નિમાવત)





SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | VINAYAK500 TMT BARS - ISI | BENELAVE BATH FITTINGS | DR.FIXIT | TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ





Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com